# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "A" by NAAC(3rd Cycle)

જોડાણ વિભાગ ,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪ ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭
ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in


નં./જોડાણ/૧/ ૧૫૧ /૨૦૨૦ — તા.૧૨-૦૬-૨૦૨૦

સંદર્ભ:- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૧૧૯/CM-૨૮૫/ખ, તા.૨૩/૦૩/૨૦૨૦.

પરિપત્ર-:

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ગોંડલ, ઉપલેટા, ધોરાજી અને ભાયાવદરની તમામ કોલેજોના આચાર્યાશ્રીઓને જણાવવાનું કે સંદર્ભિત ઠરાવમાં દર્શાવ્યા અનુસાર પૂનાની ફર્ગ્યુશન કોલેજમાં ગોંડલના ગામડા અને શહેરના બાળકો માટે પ્રવેશ માટેની અનામત જગ્યાઓ ખાલી જતા જે સંદર્ભમાં પ્રવેશ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓના નામ પસંદ કરવાની સતા ગુજરાત રાજ્યના અધિક સચિવશ્રી/અગ્રસચિવશ્રી, સચિવશ્રી(ઉચ્ચશિક્ષણ) પાસે હતી. જે હાલમાં રાજકોટ જિલ્લાના કલેકટરશ્રીને આપવામાં આવેલ છે. જે સંદર્ભે જૂના ગોંડલ રાજ્યના (ઉપલેટા, ધોરાજી, ભાયાવદરના ગામડા અને શહેરના) વિદ્યાર્થીઓના પ્રવેશ માટે અનામત રાખવામાં આવેલ છે. જે બાબત ધ્યાને લઇ કોલેજ નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા યોગ્ય કરવા વિનંતી કરવામાં આવે છે.

બિડાણ :-
સંદર્ભ ઠરાવની નકલ.

કુલસચિવ

પ્રતિ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના-:
૧. માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
૧. કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે....)

૧૧૦૪૨
3 - JUN ...
આવક નં:
શાખા:
કારકુનની સહી:

શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ/૧૧૧૯/ CM-૨૮૫/ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૩.૦૩.૨૦૨૦

વંચાણે લીધા -

(૧) ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો તા.૦૧.૦૨.૨૦૨૦નો પત્ર ક્રમાંક: કવટ/IJC-૦/પ્રવેશ/૨૦૨૦/૮૨૯

આમુખ:-

રાજકોટ જિલ્લાના જુના ગોંડલ રાજ્યના રાજાશાહી વખતમાં ગોંડલના સ્વ.શ્રી મહારાજા ભગવતસિંહજીએ પુનાની ફર્ગ્યુશન કોલેજમાં જુના ગોંડલ રાજયના (ઉપલેટા-ધોરાજી-ભાયાવદર)ના ગામડા અને શહેરના બાળકો માટે પુનાની ફર્ગ્યુશન કોલેજમાં દાન આપેલ. જે આજની તારીખમાં પણ ગોંડલ રાજયના બાળકોને પુનાની ફર્ગ્યુશન કોલેજમાં વિદ્યાર્થીને અભ્યાસ માટે અનામત છે. જે બાળકોની પુનાની ફર્ગ્યુશન કોલેજમાં નામ પસંદ કરવાની સત્તાઓ હાલ ગુજરાત રાજ્યના અધિક સચિવશ્રી/અગ્રસચિવશ્રી, સચિવશ્રી(ઉચ્ચ શિક્ષણ)પાસે છે જે જુના ગોંડલ રાજ્યના વિદ્યાર્થીઓ પાસે માહિતી ન હોવાના કારણે આ બેઠક દર વર્ષે ખાલી જાય છે અને પુના મુકામે જુના ગોંડલ રાજયના વિદ્યાર્થીઓ તપાસ કરવા જાય તો યોગ્ય માર્ગદર્શન મળતું ન હોવાનું ધ્યાને આવેલ છે. આથી, તેમાં ફેર વિચારણા કરીને તે અંગેના અધિકાર(સત્તા)રાજકોટ જિલ્લા કલેકટરશ્રીને આપવા બાબતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા ઉપર વંચાણે ક્રમાંક-(૧) ના પત્રથી દરખાસ્ત કરવામાં આવી હતી જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:-

કાળજી પૂર્વકની વિચારણાને અંતે, પુનાની ફર્ગ્યુશન કોલેજમાં પ્રવેશ માટે લાયકાત ધરાવતા વિધાર્થીઓના નામ પસંદ કરવાની સત્તાઓ હાલ ગુજરાત રાજ્યના અધિક સચિવશ્રી/અગ્રસચિવશ્રી, સચિવશ્રી(ઉચ્ચ શિક્ષણ)પાસે છે તે સત્તાઓ અધિકાર રાજકોટ જિલ્લા કલેકટરશ્રીને આથી સુપરત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પંકેશ ઠાકોર)
ઉપસચિવ.
શિક્ષણ વિભાગ.

pl. put up

ક્રમાંક: ISC-7/૨૦/યુનિ./
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લોક નં. ૧૨, ડૉ. જી. મ. ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૦૪/૦૬/૨૦૨૦

૨/- શિક્ષણ વિભાગના, ગાધીનગરના ઉકત તા.૨૩/૦૩/૨૦ ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૧૧૯/CM- -૨૮૫/ખ થી આપવામાં આવેલ સુચનાઓ અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા સારૂ

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગાંધીનગર

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ
- હુકમ ફાઈલે

Scanned by CamScanner